અપીલ અરજી નં.૧૭૯ તા.૧૯–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જેન્તીભાઈ પોપટભાઈ કાચા
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જેન્તીભાઈ પોપટભાઈ કાચાની તા.૧૦–૬–૧૧ની અરજીથી સંતતુકારામ સોસાયટી વિભાગ–૨ સર્વે નં. ૧૫૨ ના મકાન નં. ૧,૨૩,૨૪,૨૬ના બાંધકામ વિષે માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૯/૨૦૧૧–૧૨

શ્રી જેન્તીભાઈ પોપટભાઈ કાચાની તા.૧૦–૬–૧૧ની અરજીથી સંતતુકારામ સોસાયટીવિભાગ–૨ સર્વે નં.૧ ૫૨ના મકાન નં.૧,૨૩,૨૪,૨૬ના બાંધકામ વિષે માાહિતી આપવા બાબતે ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. આ. નં./૨૪૩ તા.૧૮/૬/૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૬ તા.૨૯–૭–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ માંગેલ માહિતીની ,કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૭૨ તા.૨–૮–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગ પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ /આ.નં.૨૪૩ તા.૧૮–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અીધકારી તરફથી પત્ર ન.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૨૪૩ તા.૧૮–૬–૧૧ થી ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૯ (રાંદેર), ફા.પ્લોટ નં.૨૪–બી, સર્વે નં.૧૫૨, સુત તુકારામ સોસા. વિભાગ–૨ ના મકાન નં.૧,૨૩,૨૪,૨૬ ના બાંધકામ વિશેની માહિતી અંગે સુરત મહાનગપાલિકાના દફતરે વિગત ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ. જે અંગે મળેલ નિર્ણયથી નારાજ થઈ અરજદારે તા.૧૯–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૫૫૬ તા.૨૯–૭–૧૧ થી અપીલ અરજીમાં મુળ માંગેલ માહિતીની કોઈ સ્પષ્ટતા કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી વિગતો જણાવવામાં આવેલ છે.આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો માંગ્યા મુજબના લાગત નોંધણી રજીસ્ટરનું દફતરી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. જે અંગે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો

સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જેન્તીભાઈ પોપટભાઈ કાચા